R.N.I.No. : 11555/1966 Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

Vol No. 55 Issue No. 9 December - 2012

## જીજીવીષાની ઝડપ

એક કુતરો ખીસકોલીની પાછળ દોડયો. ખીસકોલી દોડીને ઝાડ પર ચડી ગઈ. કુતરો નીચેથી ખીસકોલીને જોઈ રહ્યો. પછી એણએ ખીસકોલીને પુછ્યું. તું મારા કરતાં વધુ ઝડપથી કેવી રીતે દોડી શકે છે ? તારામાં આ શક્તી આવી ક્યાંથી ?

ખીસકોલીએ જવાબ આપ્યો. ‘પગમાંથી... !’

કુતરાએ કહયું ‘પગ તો તારા કરતાં મારા મોટા છે, છતાં હું તને પકડી ન શકયો !’

ખીસકોલીએ સ્પષ્ટતા કરતાં કહયું. ‘તારી વાત સાચી છે. આપણે બન્ને પગ વડે જ દોડયા. પણ તારા પગને તારી ભુખનો સાથ હતો. જ્યારે મારા પગને મારી જીજીવીષાનો સાથ હતો. ભુખ કરતાં જીવી જવાની ઈચ્છા વધુ બળવાન હોય છે એ બન્નેની રેસમાં જીજીવીષાનો ઘોડો આગળ નીકળી જાય છે ! તારી પાછળ વાઘ દોડે તો જ તને આ વાત સમજાઈ શકે !

– સંકલન

**2nd Cover Page**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સ્વાસ્થ્ય રાહત અંગેની યોજનાઓ

તબીબી ક્ષેત્રે ખર્ચાઓ વધતા જાય છે. ઉચ્ચ મધ્યમ વર્ગના કુટુંબોને પણ વિમાષણમાં રહેવું પડે છે. સામાન્ય વર્ગના કુટુંબોની હાલત કફોડી થાય છે. હોસ્પીટલોની સારવાર, મોંઘી દવાઓ, ઓપરેશનો, વિવિધ પ્રકારની વૈદકીય ચકાસણી (ટેસ્ટો), આદિના ખર્ચને પહોંચી વળવા સૌને સતત નાણાંકિય (મુંઝવણ) તકલીફ રહ્યા કરે છે.

આપણી અનેક સંસ્થાઓ આપણા જરૂરીયાતવાળા કુટુંબોને આવકની મર્યાદામાં રહી આર્થિક સહાય કરે છે. શ્રી બાલાસિનોર નવયુવક સંઘ પણ આ દિશામાં આપણા જરૂરીઆતવાળા કુટુંબોને તબીબી રાહત આપી રહી છે. જે અમોને અપુરતી લાગે છે.

આવી વિષમ પરિસ્થિતિમાં આપણા જરૂરીયાતવાળા કુટુંબોને વધુ આર્થિક રાહત સહાય આપી શકાય તેવા ઉમદા હેતુથી નીચે મુજબની **Life Saving Scheme** ની ત્રણ યોજનાઓ આપ સૌ ઉદાર દિલના દાતાઓ સમક્ષ મુકીએ છીએ.

1) By Pass - Surgery - 11,00,000
2) Cancer - Treatment - 11,00,000
3) Dialysis for Kidney Diseases - 11,00,000

અત્યાર સુધી આપ સૌ દાનવીર દાતાઓના દાનથી આપણી અનેક યોજનાઓ જરૂરી ભંડોળથી છલકાઈ ગઈ છે. આપણા જરૂરીયાતવાળા ભાઈ-બહેનોને આપણે યોગ્ય સહાય કરી રહ્યા છીએ. આપ સૌના સહકારથી દાનથી આપણે વિશેષ સહાય કરી શકીશું.

આશા છે કે પ્રેમાળ દાતાઓ તરફથી અમોને પ્રોત્સાહન જનક સહયોગ મળશે.

વધુ વિગતો માટે - વિશેષ જાણકારી માટે આપ હોદ્દેદારોનો સંપર્ક સાધી શકો છો.

**કલ્પેશ સુ. ધારીઆ (બલબલ) પ્રમુખ - ૯૮૨૦૧૮૩૯૦૭**

**ભાવેશ બી. મોદી (ઠાસરાવાળા) મંત્રી - ૮૮૭૯૪૨૨૩૦૪**

# જ્યોતિ પુંજ


| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૫૬ | ૯ | ૨૦-૧૨-૨૦૧૨ |

છુટક કીંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

નિખિલ પરીખ (તંત્રી)

જતીન ન. દેસાઈ / ચેતન કાં. મોદી

અમીત વ. પારેખ

પત્રવ્યવહારનું સરનામું

**નિખિલ પરીખ (ફોન : ૨૩૮૨ ૨૫ ૧૦)**

વીલગ્રીન કોમર્શીયલ કોરપોરેશન

૬, ખોખા બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૩.

**ફોન :** ૯૮૨૧૧૩૨૬૪૩૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)

**એ. કે. એન્ટરપ્રાઇઝ**

૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,

ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**

૧૧૮/૧૨૦, અરદેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,

મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**

સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)

રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)

દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.

**visit us at www.balasinor.org**


## માનસી ને તો ખુબ મજા આવી, તમે ...?

**તંત્રી સ્થાનેથી**

માનસી એનું નામ, મારા મિત્રની દીકરી અમે બન્ને પરિવારે આ વર્ષે દીવાળી બાલાસિનોરમાં ઉજવવાનું નક્કી કરેલું, એથી દીવાળીના પાંચ મહિના પહેલાં જ ‘ચલો બાલાસિનોર’માં નામ નોંધાવી દીધેલાં. દીવાળીના થોડાંક અઠવાડીયા પહેલાંજ માનસીની સગાઈ નક્કી થઈ, અમેરીકાના એક યુવાન સાથે. લગ્ન પછી ‘આવતી દીવાળીતો અમેરીકા ઉજવવી પડશે, આ મારી ઈન્ડીયામાં છેલ્લી દીવાળી’ આમ વિચારી માનસીએ આ છેલ્લી દીવાળી મુંબઈમા ઉજવવાની ઈચ્છા વ્યક્ત કરી. મિત્ર ટીકીટો કેન્સલ કરાવે એ પહેલા મે માનસીને મનાવતા કીધું ‘માનસી અમેરીકામાં તારાઓ જોતા જોતા અગાસીમાં સુવા નહી મળે. આઈ પ્રોમીસ તારી આ વખતની બાલાસિનોરની દીવાળી એક યાદગાર દીવાળી હશે’ અને આમ અમે બન્ને પરિવાર ‘ચાલો બાલાસિનોર’ના આયોજનમાં જોડાઈ ગયા.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘનું આ બીજુ આયોજન, મુંબઈમાં વસતા બાલાસિનોરવાસીઓને પોતાના વતનમાં ભેગા કરી, એમને ભેગાં રાખવાનો અને એમના તથા એમના બાળકોના વતન પ્રેમ ને વધારવાની દિશામાં એક આવકારદાયી પગલું. મુંબઈમાં બધી સગવડો સાથે રહેવા ટેવાયેલાં બાલાસિનોરવાસીઓને આકર્ષવા આયોજન પણ એવુ કરવું પડે, આ વર્ષનું આયોજન કોઈ પણ સારી કન્કટેડ ટુર્સ કરતાં પણ વ્યવસ્થિત અને ખાસ તો આત્મીય હતું. કાર્યકર્તાઓએ દીવાળીની પોતાની

રજાના ભોગે ખડેપગે સેવા આપી, એક અદભુત વ્યવસ્થા કરી હતી. સવારે ગોટા, પાપડી, ફાફડા થી માંડીને બ્રેડ બટર ના નાસ્તા સાથે ચા, કોફી તો ઠીક બોર્નવિટાની સગવડ પણ કરવામાં આવેલી, બપોરના રોજ જુદા જુદા ફરસાણ, મિષ્ટાન સાથેનો રસથાળ. સાંજે વિવિધ કોન્ટીનેન્ટલ વાનગીઓ જેમાં ચાઈનીઝ, પંજાબી, ઢોસા, પાઉંભાજી બધુ જ આવી જાય. પાંચ દિવસમાં એક પણ વાનગી રીપીટ ના થઈ, વાનગી તો ઠીક રોજનો મુખવાસ પણ જુદો હોય એવી લકઝરી આયોજકોએ પુરી પાડી. સાથે મીનરલ વોટરની બોટલો અને પોતાના ઘરે લગ્ન હોય એવો ખવડાવવાનો આગ્રહ.

માનસીને મુંબઈ કરતાં પણ ખાવાની વધુ મઝા કરાવીને આયોજકોએ યંગર્સ્ટસને સારું ખવડાવવાની અમારી ચિંતા દુર કરી દીધી. ‘ચલો બાલાસિનોર’ દરમ્યાન કોઈને પણ કંટાળવાનો મોકો જ ન આપવો હોય એમ સવાર સાંજ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલું. કપલસ ગેમ, બાળકોની એક મીનીટ ગેમ, દાંડીયા રાસ, ભક્તિ સંગીતનો કાર્યક્રમ, ડાન્સ અને ઓરકેસ્ટ્રા. દીવાળીના દિવસે તો કમાલ થઈ ગઈ. વાતો વાતોમાં દાતાઓના સહકારથી ‘જબ તક હૈ જાન’ ના પહેલાંજ દિવસના શો માટે આખું થિયેટર બુક કરવામાં આવ્યું અને બાલાસિનોરમાં આવેલા બધાજ લોકોને ટીકીટો આપવામાં આવી, આ તો ઠીક ચાલુ પીકચરે ‘ચલો બાલાસિનોર’માં આવેલા બધાને નાસ્તાના પેકેટો અને કોલ્ડડ્રીન્ક વહેંચવામાં આવ્યા. અવાક થઈ ગયેલી માનસી ને અને યુવાન પેઢીને જોવાની મને પીકચર કરતાં પણ વધુ મજા આવી.

આપણી ભુલાઈ ગયેલી જુની રમતો, ગીલ્લી દંડા, લગોરી (નાર ગોળીઓ) તથા ખોખો ને ફરીથી યાદ કરવામાં આવી. બાળકોને આ બધી રમતો શીખવવામાં આવશે. એવી જાહેરાત થતાં જ વડીલોને બાળકો ખુશ થઈ ગયા. આ બધી રમતો બાળકો તો ઉત્સાહભેર શીખ્યા ને રમ્યાં. પરંતુ એમની સાથે આવેલી માનસી, મમ્મીઓ અને વડીલોએ પણ ફરીથી આ રમતોને સાથે રમીને તાજી કરી, ફક્ત કોમ્પ્યુટર અને વીડીયો ગેમ્સમાં અટવાયેલા બાળકો માટે આ અદભૂત અનુભવ હતો. વડીલો ને પણ સમજાયું કે તેઓના બાળકો શું ગુમાવે છે. માનસીએ પણ થમ્સ અપ દ્વારા ખુશી વ્યક્ત કરી. માનસીને મારે સાચા અર્થમાં બાલાસિનોર બતાવવું હતું. વાડી કુવા ઉપર એણે જાતે દોરડા ને બાલદી સાથે પાણી ખેચ્યું, કેદાર ઉપરથી સુર્યોદય જોયો, આપેશ્વરમાં જાતે ચંદન ઘસીને કપાળે લગાવ્યું. બાજુના ખેતરોમાં જઈને ગુવાર, રીંગણ, ફ્લાવર, ભીંડા, મરચાની ખેતી જોઈ, ગાયો ભેંસો સાથે ફોટા પડાવ્યા. ઘાસની ગંજીઓ ઉપર ચઢીને એની ઉપર સુકા ઘાસની પથારીમાં સુવાનો અને રમવાનો આનંદ માણ્યો. ખેતીની રખેવાળી કરવા માટેના માંચડા ઉપર બેસી હેન્ડ પંપ થી જાતે પાણી પીધું, ખેડુતના નિર્દોષ ભુલકાઓ સાથે ફોટા પડાવ્યા અને એમના આતિથ્ય રૂપે તાજા દુધની ચા પણ પીધી.

બીજો સુખદ અનુભવ અમને એક મુસલમાન બિરાદરે એમનું પોલ્ટ્રી ફાર્મ અને ઈમુ (શહામૃગ જાતીનું એક વિરાટ પક્ષી) ફાર્મ બતાવીને ફરાવ્યા. ૫૦-૬૦ ઈમુ ને ખવડાવતાં અને એમને દોડાદોડી કરતાં જોઈને માનસી ખુશ ખુશાલ થઈ ગઈ. આટલાં બધા ઈમુ અને હજારો મુર્ગીઓ એણે ક્યારેય નહોતી જોઈ.

આ વર્ષે ભક્તિસંગીત અને ઓકેસ્ટ્રા પાર્ટીનું આયોજન બાલાસિનોરમાં વસતાં સ્થાનીક લોકો દ્વારા કરવામાં આવેલું. આજ આયોજન બતાવે છે કે તેઓને પણ પોતાના મુંબઈ જઈ વસેલાં ભાઈ બહેનો માટે કેટલો પ્રેમ ને આવકાર છે. યજમાન બની જઈને તેઓએ આ વર્ષે 'ચલો બાલાસિનોર'ને 'આવો બાલાસિનોર'ના પ્રેમ રંગે રંગી નાખ્યા.

આ ઉપરાંત મંદિરના વિવિધ દર્શન, ભગવાનના વરઘોડાની આગળ ફુટેલા પુષ્કળ ફટાકડાં, બરફના ગોળા, સોડા, આઈસ્ક્રીમ અને શોપીંગ બધોજ આનંદ આવનાર દરેક બાલાસિનોરવાસીઓએ અને માનસીએ માણ્યો.

આ પાંચ દિવસ પછી પાછાં ફરતાં માનસીએ ખુશી પુર્વક કહયું. હું ન આવી હોત તો મે શું ગુમાવ્યું હોત એ મને સમજાય છે. વાચકમિત્રો આ વાંચીને આપને પણ સમજાયું હોય તો આવતા વર્ષે સહપરિવાર જરૂર થી આવજો.

પોતાની અને પોતાના પરિવારની દીવાળીની રજાઓના ભોગે દિવસ રાત, તનતોડ મહેનત કરી ને આ અદભુત આયોજન બદલ સંઘના દરેક કાર્યકર્તાઓને અભિનંદન અને આયોજન થી માંડીને પાણીના કાઉન્ટર ઉપર સેવા આપનાર દરેક કાર્યકર્તાઓને જો આપણે ખરેખર આભારથી બિરદાવવા હોય તો આવતા વર્ષના 'ચલો બાલાસિનોર'માં બુકીંગને છલકાવી દેજો.

**- નિખિલ પરીખ**

## સર્વેને સપ્રેમ આમંત્રણ

**શ્રીમતી સુભદ્રાબેન નવીનભાઈ શાહ**

# સ્મૃતિ ભક્તિ સંધ્યા

**કાર્યક્રમ**

**રવિવાર તા. ૬-૧-૨૦૧૩**

**સમય : સાંજે ૫.૩૦ થી ૭.૩૦ કલાકે સળંગ પ્રવચન**

**વક્તા : શ્રી નરેશભાઈ વૈદ્ય**

**વિષય : સત્ય શ્રી કૃષ્ણની દ્રષ્ટીએ**

સ્થળ:

પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન સ્વામીશ્રી પ્રેમપુરીજી રોડ, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭

**નિમંત્રક : શ્રી નવીનભાઈ ચીમનલાલ શાહ તથા પરિવાર**

# સાચી સમાજ સેવા ....

શ્રી હરિને બદલે જે 'સત્યનો પ્રચાર' કરે તે જ સાચી સેવા કહેવાય. ધર્મ એટલે ફરજ. સમાજને માણસો સાથે સીધો સંબંધ છે. ભગવાનની મૂર્તિ એ પથ્થરની બનેલી નિર્જીવ આકૃતિ માત્ર છે. મંદિરમાં ઈશ્વરની પ્રતિમા પધરાવવાથી કે મંત્રોચ્ચારણથી તે કદિયે ઈશ્વર કે ભગવાન બની ન શકે. ભગવાન તો દરેક સજીવ વ્યક્તિના હૃદયમાં જ સદૈવ બિરાજે છે. તો વળી તેને બહાર શા માટે શોધવા જવાનું. પાષાણ મૂર્તિ કંઈ સાંભળવાની નથી. આપણે ગમે તેટલાં ઢોલ નગારાં વગાડીએ એ તેમને કંઈ પહોંચવાના નથી. તેમની સામે ગમે તેટલા ભોગ ધરાવો તે કંઈ સ્વીકારવાના નથી જ. તેઓ તો સ્વના આત્માનું કલ્યાણ કરીને સ્વર્ગે સિધાવી ગયા છે. હવે તેમને ફરીવાર જન્મ-મૃત્યુનું ચક્કર ફરવાનું રહયું નથી. માણસોએ પણ તેમની માફક સૌના આત્માનું કલ્યાણ કરવાનું છે.

હવે તેમણે આપેલા આદેશોનું આપણે સહુએ પાલન કરવાનું છે. નિતિ-નિયમો આચરણમાં મૂકવાના છે આજના સમાજમાં જે બદીઓ ફેલાઈ ગઈ છે તેનું નિવારણ કરવાની આપણી ફરજ અને ધર્મ છે. જેમ કે ચોરી, લુચ્ચાઈ, જૂઠ, હિંસા, બદચરિત્ર્ય વગેરેને સમાજમાંથી દૂર કરવાનાં છે. દા.ત. સમસ્ત ભારતભરમાં પ્રસરેલી લાંચ-રૂશ્વત આ સર્વે બદીઓનો પ્રજાએ એક સાથે મળીને વિરોધ કરીને લોકશાહી પધ્ધતિ પ્રમાણે ફેરફાર કરવાનો છે. આમાં આપણે જ વિચારવું રહયું કે ભગવાન શું કરી શકે ? ગુરૂઓ અને ધાર્મિક સંસ્થાનાં નેતાઓએ આગેવાની લઈને સમાજની આ ગેરરીતિ દૂર કરવાની હિંમત બતાવવી જોઈએ. સમાજમાં પ્રસરેલી દહેજ પ્રથા દૂર કરીને નવવધુઓને મારી નાખવાની ક્રૂર ચાલ દેહાંત સજા ફરમાવીને તત્કાળ બંધ કરવી જોઈએ. કાયદા ઘડનારી ધારાસભાઓ પર ધરણાં લઈ જઈને તેમની ફરજનું તેમને ભાન કરાવવાનું છે. ટેકસ ન ભરનારાઓને ઘસડીને કોર્ટમાં પેશ કરી જેલ ભેગા કરવાનાં છે. ધર્મના નામે ખૂનામરકી કરનારાઓ તથા આમ પ્રજાના માનસમાં જાતિવાદનું કટ્ટર ઝેર ભરનારાઓને જાહેરમાં ફાંસીએ ચઢાવવાના છે.

આ બધામાં ગરીબ પ્રજાજનો કંઈ બહુ કરી શકવા સક્ષમ ન પણ હોય, પરંતુ મધ્યમ વર્ગીય ભણેલા લોકોની આ ફરજ છે. ધર્મગુરુઓ પ્રજાનું ખાઈને કંઈ ઉત્કર્ષ-ઉધ્ધાર માટે કંઈ કરે નહિ તો તેમને ખાવાનું કે આદર-માન આપવાનું બંધ કરવું જોઈએ. તેમને બીજા લોકોની માફક કામ કરીને ખાવાનું કે પેટ ભરવાનું સમજાવી દેવું જોઈએ. સરકાર બધું કરી શકવાની કે કરવાની નથી. મહાત્મા ગાંધીએ શું કર્યું હતું તે ભૂલી ગયા ? ભારે તાકાતવર બ્રિટીશ સરકારને ભારતમાંથી ઉચાળા ભરી ભગાડવાનું અસહકારની ચળવળ મારફતે આ સુકલકડી મોહનદાસે કરી દેખાડયું એ સમગ્ર વિશ્વ માટે આશ્ચર્યકારક ઘટના હતી. શું ભારતની ૧૨૦ કરોડની પ્રજા નમાલી થઈ ગઈ છે ? માત્ર પૈસા ભેગા કરવાનું જ સમજે છે. આમ તો પશુઓ પણ પોતાનું પેટ ભરે જ છે ને. આવી ધર્મ અને સંસ્કૃતિનો દાવો કરનારી પ્રજા દંભી ન કહેવાય તો બીજું શું ? દેશની સુરક્ષા અને સેવા કરવાનું કામ 'ભજન અને ભોજન' કરતાં ઘણું ઉચ્ચ છે. ધર્મને નામે ઢોંગ કરીને પાખંડી સાધુ-બાવાઓ કરોડો રૂપિયાનું ચંદન કરનારાઓને ફગાવી દેવાની જરૂરિયાત અત્યંત ગંભીર છે. ભારતમાં ક્રાંતિ થવાની નથી. જ્યાં સુધી ધર્મના ભગવાં વાઘા દૂર ન થાય ત્યાં

સુધી! ચાલો ત્યારે અહિંસક ક્રાંતિને માર્ગે ઢોંગી નેતાઓ અને ધૂર્ત ધર્મગુરૂઓને ઉઠાડી મૂકવાનાં કામમાં લાગી જઈએ.

બાકી સાચી સમાજ સેવા તો જરૂરિયાતમંદોને રોજી, રોટી, કપડા, આવાસ તથા શિક્ષણ-આરોગ્યની સુવિધા પુરી પાડવામાં જ છે. અત્યાર સુધી આપણાં દેશમાં ઠેરઠેર ધર્મને નામે ધતીંગ તો ખૂબજ વર્ષોથી અવિરત ચાલ્યા જ કરે છે. આપણે સહુએ ધર્મ વિશે સાચી સમજ કેળવી સાચી સમાજ સેવાનો માર્ગ અપનાવવો રહ્યો. ઈશ્વરે સર્વેને ઘણું બધું આપ્યું છે. તેથી જે પામ્યા છો તેનો સંતોષ માની સાચી સમાજ સેવા કાજે યથાશક્તિ ફાળો આપવો તેજ સાચી સમાજ સેવા લેખાશે. 'જય ભારત'- **– રાજેષ કડકીઆ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ**
**શ્રી રસિકલાલ ચંદુલાલ પરીખ (સરકાર)**

## નોટબુક રાહત યોજના

**મનોજભાઈ -અમરીશભાઈ કચેરીયા**

## કન્સેશનલ નોટબુક યોજના

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે. ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજકનો સંપર્ક કરે અને નોટબુક વિષે માહિતી મેળવી લે. તેઓએ પોતાની ઓફર "Sealed" કવરમાં સંસ્થાની ઓફીસમાં તા. ૩૧-૧-૨૦૧૩ પહેલા જમાકરાવવાની રહેશે. **મંત્રી – ભાવેશ મોદી**
**સંયોજક–સુનીલ મોદી (ઠાસરાવાળા) ૯૮૨૦૧૨૦૬૪૯**

**ભાવભીનું નિમંત્રણ**
**સ્વામીશ્રી પ્રેમપુરીજી આશ્રમ ટ્રસ્ટ**
**આયોજીત**

## શ્રી રસિકલાલ રમણલાલ કડકિયા (આર.આર.)

# સ્મૃતિ ભકિત સંધ્યા :

કાર્યક્રમ મંગળવાર તા. ૧૫-૧-૨૦૧૩
સમય : ભક્તિ સંગીત સળંગ બે કલાક સાંજે ૫.૩૦ થી ૭.૩૦
ભક્તિ ભજન : શ્રીમતી હીના મહેતા
તથા
શ્રી વિકાસ આમ્બોરે (વીકી કુમાર)
સ્થળ :
પ્રેમપુરી અધ્યાત્મ વિદ્યાભવન સ્વામીશ્રી પ્રેમપુરીજી ચોક, બાબુલનાથ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૭
નિમંત્રક

## પુષ્પાબેન રસિકલાલ કડકિયા પરિવાર

# શ્રી બા.ન. સંઘ સંચાલિત
# શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત મહિલા વિભાગ

## આગામી કાર્યક્રમ

એક દિવસીય પિકનિકનું આયોજન તા. ૯-૧-૨૦૧૩ને બુધવારે કરવામાં આવ્યું છે. સ્થળ, સમય અને રૂપિયા નક્કી થયે સત્સંગમાં અથવા કમિટિ બેનો દ્વારા જણાવવામાં આવશે.

બસ ઉપડવાનું સ્થળ : મુંબઈ ભાટીયા હોસ્પીટલ સામે, માતૃમંદિર તથા બોરીવલી કોરાકેન્દ્રથી ઉપડશે.

**સંયોજક કુંજ શાહ : ૯૯૩૨૦૯૪૪૨૪**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## ઉદારદીલ દાતાઓનો જાહેર આભાર

અમને જણાવતા સહર્ષ આનંદ થાય છે કે ગયા અંકમાં શૈક્ષણીક પુસ્તકો ને લગતી ત્રણ (૩) નવી યોજનાઓ રૂા. ૭,૫૦,૦૦૦/- પ્રકાશીત કરવામાં આવી હતી.

આપણા સમાજના ઉદાર દીલ દાતાઓએ આ યોજનાઓને વધાવી લીધી છે.

**આ ત્રણેય યોજનાઓના નામ અને દાતાશ્રીના નામ નીચે મુજબ છે.**

૧) **Medical & Engineering Text Book Scheme - Rs. 7,50,000/-**
**શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ**

૨) **Post Graduation Text Book Scheme - Rs. 7,50,000/-**
**શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) ના પરિવાર તરફથી**

૩) **XI Standard to Graduation - Rs. 7,50,000/-**
**શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) હસ્તે શિવાની ગૌરવ પરીખ (બખલી)**

આ યોજનાઓને સાકાર કરવા બદલ સંસ્થા શ્રીમતી મણીબેન રમણલાલ મોદી (ભટ્ટી) ના પરિવારના સદસ્ય શ્રી સુનિલભાઈ મોદીનો આભાર માને છે.

આજ રીતે આપણા ઉદારદીલ દાતાઓ ભવિષ્યમાં બીજી વિવિધ યોજનાઓ માટે સાથ અને સહકાર આપશે એવો અમને સંપૂર્ણ વિશ્વાસ છે.

**મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી પ્રમુખ : શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ (બલબલ)**

# માણસાઈની અમીરાત

નમ્રતાને નમાલાપણાની સીમમાં પ્રવેશી જવાની ટેવ હોય છે. પોતાની ખૂબીને ગુમાવી બેસવી એ આપઘાત કરવા બરાબર છે. કેટલીક વ્યક્તિ પાસે નિખાલસતાનું ખળખળ વહેતું ઝરણું હોય છે. કેટલીક વ્યક્તિ પાસે પર્વત જેવી અડગતા હોય છે. કેટલાંક માણસ સંત જેવા સ્વસ્થ હોય છે. સંપત્તિ એમને બગાડી શકતી નથી અને આપત્તિ એમને ડગાવી શકતી નથી. કેટલાક પુરુષો પાસે માતા જેવી ઉદારતા હોય છે એ કશુંક આપવા માટે આતુર હોય છે. કેટલીક માતાઓ પાસે રતિદેવ જેવી ત્યાગભાવના હોય છે. એમને કશુંક ગુમાવવામાં પણ આનંદ મળતો હોય છે. કેટલાક લોકો પાસે ખેલદિલી હોય છે એ શત્રુઓની સામી વાત સ્વીકારવા તૈયાર હોય છે. કેટલાક લોકો અન્ય માટે ઘસાઈ છૂટવા તત્પર હોય છે. સ્વાર્થી ગણતરી સાથે એમને મળવા ગયેલા માણસો એમના દિલની વિશાળતા જોઈને શરમાઈ મરતા હોય છે. કેટલાક વડીલો એવા હોય છે કે લોકો પોતાની સાવ ખાનગી વાત એમને નિરાંતે કહી શકે. જે લોકો એ વાત પેટમાં રાખી શકે એમની ગણેશવૃત્તિ વંદનીય ગણાય. કેટલાક સજ્જનો એવા હોય છે કે જે છેતરાઈ શકે. પરંતુ કોઈને છેતરી ન શકે. કેટલાક સજ્જનો ઉદારતા બતાવે અને કડવા અનુભવો થાય તોય ઉદારતા ન છોડે. એમની ઉદારતા એકમાર્ગીય રસ્તા જેવી હોય છે. સદ્‌ગુણ જ્યારે સહજ હોય ત્યારે એને ટકાવી રાખવા માટે પ્રયત્ન કરવો પડતો નથી. એ સદ્‌ગુણ માણસના વ્યક્તિત્વનો એક અંશ હોય છે. માણસે આવા સદ્‌ગુણની રક્ષા કરવી જોઈએ. સ્વજનો એ ખાસ સદ્‌ગુણની મશ્કરી કરવા માટે આતુર હોય છે.

તેજસ્વી પ્રતિભા લોહચુંબકની માફક શત્રુઓ ખેંચી લાવે છે. સદ્‌ગુણો બારણા જેવા હોય છે અને દુર્ગુણો ભીંત જેવા હોય છે. તમારે કોઈના હૃદયમાં પ્રવેશવું હોય તો બારણા દ્વારા પ્રવેશી શકાય. ભીંત દ્વારા નહીં **- સંકલન.**

# વરસાદ પડયું એક બિંદુ

વરસાદ પડયું એક બિંદુ
ને આખે આખો ભીંજાઈ ગયો હું,
ડાળીએ પાંદડું ફુટયું એક લીલું
ને આખે આખો ફૂટી ગયો હું,
કોયલે કર્યો એક ટહુકો
ને આખું ગીત ગાઈ ગયો હું,
શરમાઈ ને જરા મલકી જો તું
તારા ખંજનમાં આખો ડૂબી ગયો હું,
ને તું દેખાય ભલે એક જ બિંદુ
પણ મારા પ્રેમનો છલકતો દરીયો છે તું.

**- નિલેષ ઈ. ધારીઆ**

## શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ

### પ્રોગ્રામ એન્ડ ઈવેન્ટ મેનેજમેન્ટ

ઉપરોક્ત સમિતિનાં નેજા હેઠળ આગામી કાર્યક્રમ નીચે મુજબ છે.

શુક્રવાર તા. ૧ લી ફેબ્રુઆરી ૨૦૧૩ સાંજે ૬.૩૦ કલાકથી, સ્થળ : વાલચંદ હીરાચંદ હોલ, ૪ થે માળે, ઈન્ડીયન મરચન્ટ ચેમ્બર્સ બીલ્ડીંગ, ચર્ચગેટ, મુંબઈ - ૪૦૦૦૨૦

**મુખ્ય વક્તા :** શ્રીમતી શેફાલી ધારીઆ (પોસ્ટ ગ્રેજ્યુએટ, મુંબઈ યુનિવસીર્ટી અને રજીસ્ટર્ડ લાઈસન્સ ફોર પ્રેક્ટીસીંગ પ્રીન્સીપલ અમેરીકન ડાયેટીક એસોસીએસન)

**વિષય :** **Food, Fitness & Beyond by Registered Dietitian (USA)**

**જમવાના પાસ મેળવવાના સ્થળ :**

૧) શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ કાર્યાલય
૪૫/૪૯ બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) મે. કડકીઆ એન્ટરપ્રાઈઝીસ
૬૮/૭૦, નાગદેવી સ્ટ્રીટ, ૧લે માળે, મુંબઈ - ૩

**(૧લી જાન્યુઆરી ૨૦૧૩ થી ૨૫ જાન્યુઆરી ૨૦૧૩ સુધી જમવાના પાસ મેળવી લેવા વિનંતી.)**

બાલાસિનોર વાસીઓની જાણ ખાતર આ વખતે પ્રોગ્રામ રવિવાર સવારે ન રાખતા શુક્રવારે સાંજે રાખવામાં આવ્યો છે જેથી કરીને પ્રોફેશન્લ સર્કલ, સીઈઓ અને બીજા બધા આ પ્રોગ્રામનો લાભ લઈ શકે.

રૂા. ૨૦૦/- અંકે રૂા. બસો પુરા ભરીને જમવાના પાસ ઉપરોક્ત સ્થળેથી મેળવી લઈ આ પ્રોગ્રામને સફળ બનાવશો.

**કન્વીનર - પંકજ ધારીઆ**

## શ્રી વાડાસિનોર દશાનીમા નવયુવક મંડળ તથા મેડીકલ ટ્રસ્ટ

ઉપરોક્ત મંડળ તથા ટ્રસ્ટની કારોબારી સમિતિની બીજી બેઠક શ્રી દક્ષેષ બા. કડકીઆના પ્રમુખપદે તા. ૧૦-૧૦-૧૨ બુધવારના રોજ સુભદ્રાબેન ન. શાહ (કોલકત્તાવાળા) મિટિંગ રૂમ, પ્રગતિ સમાજ મુંબઈ - ૨ ખાતે મળી હતી.

મંડળ તથા ટ્રસ્ટની પહેલી કારોબારી સમિતિની મીનીટસનું વાંચન કર્યુ અને મંજુરી મળી હતી.

વર્ષ ૨૦૧૧-૧૨ની ચોથી કારોબારી સમિતિની મીનીટસનું વાંચન કર્યુ અને મંજૂરી મળી હતી.

મંડળની ૮૪મી વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટની ૩૩મી વાર્ષિક સામાન્ય સભાની ડ્રાફટ મિનિટસનું વાંચન કરવામાં આવ્યું હતુ. મંડળ સંચાલીત અન્ન સહાય સમિતિ, અપલીફટમેન્ટ ઓફ સોસાયટી યોજના, મેમ્બર્સ રીલેટેડ સમિતિ તથા મુકતિધામ યોજના અને ટ્રસ્ટ સંચાલીત મેડીકલ રીલીફ સમિતિ તથા ગવર્નીંગ કાઉન્સીલ સમિતિના પેટા સમિતિના નામો ને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. મંડળ તથા ટ્રસ્ટના અર્ધ વાર્ષિક હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. મંડળ તથા ટ્રસ્ટની વાર્ષિક સામાન્ય સભામાં થયેલા ખર્ચને બહાલી આપવામાં આવી હતી. ૧૩ મેમ્બરો હાજર રહ્યા હતા. પાંચ મેમ્બરો નવા નોંધાયેલા હતા.

મેડીકલ સેન્ટર ખાતે નવું કોમ્પ્યુટર તથા વેબ સાઈટ લેવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. ભોજનને ન્યાય આપી સભા બરખાસ્ત થઈ હતી.

**મંત્રીઓ : શ્રી પરેશ આર. પરીખ**
**શ્રી કીરીટ આર. ધારીઆ**

# SHREE BALASINOR NAVYUVAK SANGH

# KADAKIA ENTERPRISE T10 TOURNAMENT 2012-2013.

A new format of 10 overs was introduced for the first time in our community. We are extremely proud to announce that it was a runaway success and everyone played the tournament with great spirit & enthusiasm. This tournament was sponsored by M/s Kadakia Enterprise (SHRI DAXESH KADAKIA & SHRI MINISH KADAKIA.)

KADAKIA ENTERPRISE T10 TROPHY was played on Saturday 1st Dec 2012 at Sachivalay pitch Oval Maidan. BNS Secretary Shri Bhavesh Modi gave a welcome speech and BNS President Shri Kaplesh Dharia presented a Momento to our sponsors SHRI DAXESH KADAKIA & SHRI MINISH KADAKIA. BNS VICE PRESIDENT SHRI SAUMIL MODY AND SECRETARY SHRI BHAVESH MODI handed over a gift as token of love to SHRI DAXESH KADAKIA & SHRI MINISH KADAKIA RESPECTIVELY.

BNS cricket Convener Shri Chirag Parikh explained the format of the tournament after which the matches were played between four teams Namely KADAKIA PIPES, KADAKIA FLANGES, KADAKIA FITTINGS & KADAKIA VALVES. All the four teams played in colourful clothes (T.Shirt & Cap) which were sponsored by M/s Kadakia Enterprise SHRI DAXESH KADAKIA & SHRI MINISH KADAKIA.

Four matches were played and KADAKIA FLANGES led by Captain Shri Nirav Desai won the KADAKIA ENTERPRISE T10 TROPHY by virtue of two wins in two matches.

Following awards were presented for their outstanding performances.

**1. KADAKIA MAN OF THE MATCH**

(A) FIRST MATCH : SANDEEP DHARIA

(B) SECOND MATCH : DAXIT GANDHI

(C) THIRD MATCH : MITEN PARIKH

(D) FOURTH MATCH : DAXIT GANDHI

**2. KADAKIA BEST BATSMAN : DAXIT GANDHI**

**3. KADAKIA BEST BOWLER : NIRAV DESAI**

**4. KADAKIA MAN OF THE SERIES : DAXIT GANDHI**

Finally the KADAKIA ENTERPIRSE T10 TROPHY was awarded to the winning captain NIRAV DESAI by our sponsors SHRI DAXESH KADAKIA & SHRI MINISH KADAKIA.Our Sopnsors also Presented a Cash Prize of Rs. 7500 to the Winning Time as a Spontaneous Gesture.

We are thankful to our sponsors for their generosity & support which has helped us gain confidence in trying new ideas to improve the standard of our BALASINOR cricket.

**BHAVESH MODI** — **SECRETARY**

**CHIRAG PARIKH** — **CONVENER**

**SHREE BALASINOR NAVYUVAK SANGH**
**SHRI NATVERLAL CHUNILAL MODY (JANSATHI) TROPHY 2012-13**

BNS Jansathi tournament first match was played on Sunday 2$^{ND}$ Dec 2012 at Sachivalay Pitch, Oval Maidan. Being the opening match of the tournament, It was attended by Shree Balasinor Navyuvak Sangh President Shri Kalpesh Dharia, Vice President Shri Saumil Mody, Secretary Shri Bhavesh Mody & other office bearers.

This year a new format is being played where we have six teams in two groups, with one sponsor for every team as below,

| | |
|---|---|
| SHRI PARIMAL SHAH | : APEX WONDER BOYS |
| SHRI BIPIN GANDHI | : GANDHI WARRIORS |
| SHRI NITIN KACHERIA | : SHITEN GLADIATORS |
| SHRI MANISH GANDHI | : MANISH CHALLANGER |
| SHRI TEJAS SHAH | : URJA TERMINATORS |
| D.C.C. | : D.C.C. TUSKERS. |

BNS Secretary Shri Bhavesh Modi welcomeded the sponsors and guests.

BNS Presidnet Shri Kalpesh Dharia Presented a gift as token of love to Shri Sanjay Mody for his kind ges ture, to allow the cricket committee, to make changes in the format of the JANSATHI TOURNAMENT

BNS President Shri Kalpesh Dharia also presented Momento to all the six sponsors. Vice President Shri Saumil Mody, Secretary Shri Bhavesh Modi, Joint Secretary Shri Jasimine Seth and Cricket Convener Shri Chirag Parikh presented gift as token of love to all the six sponsors.

President Shri Kalpesh Dharia declared the tournament open.

The match was played between APEX WONDER BOYS team led by Captain RIPAL PARIKH & URJA TERMINATORS team led by Captain KINJAL PARIKH.

RIPAL PARIKH won the toss & decided to bat first.

MATCH RESULT : RIPAL PARIKH 156 all out. (Chirag Desai 32, Chirag Desai(CD) 31, Mitul Parikh 22, Arpit Dharia 5/22, Sanil Desai 3/27),

KINJAL PARIKH 133 all out.(Shamik Shah 35, Daxit Gandhi 30, Kinjal Parikh 20, Ripal Parikh 4/35, Jigar Parikh 3/31). RIPAL PARIKH'S team won the match by 23 runs.

MAN OF THE MATCH : RIPAL PARIKH.

**BHAVESH MODI** — **SECRETARY**

**CHIRAG PARIKH** — **CONVENER**

## MIDDAY T 10 TOURNAMENT 2010-2013

We are participating in the MIDDAY T10 TOURNAMENT for the second year. The team selected for the tournament to be played between 16th Dec 2012 – 06th Jan 2013 is as below :

NIRAV DESAI (Cap), SHITEN KADAKIA(V.C), SANDEEP DHARIA, SAMIR DESAI, KINJAL PARIKH, ROHAN DHARIA, SHAMIK SHAH, JIGAR PARIKH, RIKIT MODY, APURV DHARIA, DAXIT GANDHI, MITEN PARIKH, RITESH KADAKIA, DIVY KADAKIA, TEJAS SHAH, JIMISH DESAI.

Our Match dates are 17 Dec. at 1.00 pm, 20nd Dec at 3.00 pm and 27th Dec 3.00 pm. Pre-Quarters on 31 Dec.

Requesting all our Cricket Lovers to come and cheer or team which will be payed at Central Railway Ground, Lowar Parel.

**BHAVESH MODI**
**SECRETARY**

**CHIRAG PARIKH**
**CONVENER**

# ચલો બાલાસિનોર વર્ષ ૨૦૧૨-૨૦૧૩ યશ ગાથા

**દૂર દેશ ધબકતુ એક ગામ યાદ આવે છે**
**વાળુ ટાણે જાણે માનો મીઠો સાદ આવે છે**
**ચોરતા હતા બચપણમાં કાચી કેરીઓ હવે ખોવાયા છો**
**ક્યારેક સ્વપ્નમાં ખેતર લઈને ફરિયાદ આવે છે.**
**પરદેશમાં મળે તો છે ભોજન ભાત ભાતના ન ખૂટે એવા**
**આંબા તણે માણેલાં ક્યા મરચું રોટલાના સ્વાદ યાદ આવે છે.**
**શીખ્યા અમે ભાષા પરદેશીને ભાષાઓ અનેક યંત્રની**
**ક્યાં બસંતીની બકબક કે એમાં ગબ્બર ઠાકુરના સંવાદ આવે છે.**
**અલ્લાહનો પૈગામ આપતી નથી વિસરાતી એ મીઠી અઝાન**
**ઢંઢોળતો જે મહાદેવનું ધ્યાન, યાદ હજુ એ શંખનાદ આવે છે**
**કોરો વરસાદ, કોરી હવા ને કોરા સમયનો છે સાથ અહીં**
**બે ટીપાં ભીંજાઈ લઈએ જો વતન વાવડના વરસાદ આવે છે.....**

**- સંજય મેકવાન**

વતન, જન્મભૂમિ દરેક વ્યક્તિના જીવન સાથે આજીવન એક મધૂર બંધનથી ધબકે છે. જ્યાં પોતાના વડવાઓનો જન્મ થયો હોય, તેમનું બાળપણ અને શૈશવકાળ વિત્યો હોય તેવા વતન માટે દરેકના હૃદયમાં થોડા ઓછા વત્તા અંશે આકર્ષણ તો રહેતું જ હોય છે. વડવાઓના વતનને ભૂલનાર માણસ મૂળ વગરના વૃક્ષ જેવો હોય છે. જનની, જન્મનીભાષા અને જન્મ ભૂમિથી મહાન કોઈ જ નથી.

''ચલો બાલાસિનોર વર્ષ ૨૦૧૧''ના સંમસ્મરણો જ્યા હજુ સુધી માનસપટ પર તાજા હતા ત્યાં આ વર્ષે પણ દીવાળીમાં ''ચલો બાલાસિનોર - ૨૦૧૨'' માટે નવયુવક સંઘના મિત્રોનો કોલ આવ્યો અને વતનનો સાદ પડયો ત્યારે દિવળીમાં અગાઉથી નક્કી કરેલા બધા જ કાર્યક્રમો પડતા મૂકી ''ચલો બાલાસિનોર - ૨૦૧૨'' માં સહ પરિવાર જોડાવવાનું નક્કી કર્યું. એનું એક અલગ કારણ પણ હતુ વતન માટે દિલનો નાતો જે જોડાયેલો છે

''શિશુ વયે આલિંગન દીધા મને વ્હાલથી
એવા દિન પછીના ભાળયાં અમે આયખે
હશે જગને કિંમત ભલે હીરા માણેકની
મારા માહ્યલાંને તો માટીની મ્હેક છે સવા લાખની''

ગયા વર્ષની જેમ આ વર્ષે પણ ૨૦૦ જેટલા લોકો ચલો બાલાસિનોરમાં જોડાયા અને એનાથી પણ વધારે સંખ્યામાં બાલાસિનોર ખાતે જોડાયા. આ વર્ષે પણ નવયુવક સંઘના કાર્યકતાઓ દ્વારા સંખ્યાબંધ મિટીંગો, ટ્રેનની આવવા જવાની ટીકીટો, બસની વ્યવસ્થાનું આગવુ આયોજન, ગામની મુલાકાત લઈ ગામના મિત્રો જોડે સંકલન, જમવાની વ્યવસ્થા, કાર્યક્રમોનું આયોજન બહુ જ એડવાન્સમાં નક્કી થઈ ગયું હતું. જવા આવવાની ટીકીટો, નાસ્તા, જમવાની, ડેસર્ટની કુપનો, બસની ફાળવણી સુંદર કવરમાં પેક કરીને અગાઉથી તા. ૨૨-૧૦-૧૨ થી તા. ૩-૧૧-૧૨ સુધી સંઘના ઉપપ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદીની ઓફિસેથી કરવામાં આવી હતી. જે આયોજનમાં આવનારને કોઈ તકલીફ ના પડે તેની પૂરેપૂરી કાળજી લેવાઈ હતી. આ વખતે સ્વ. કુસુમબેન કિર્તનલાલ પારેખ, હસ્તે. તેમના પુત્ર શ્રી નિલેશભાઈ પારેખ દ્વારા ચલો બાલાસિનોરમાં જોડાનાર દરેક વ્યક્તિને વ્યક્તિદીઠ એક સુંદર ટ્રાવેલ બેગ અને પાઉચ ભેટ આપવામાં આવ્યા હતાં. તેમજ સમગ્ર આયોજન માટેના જમવાના પાસ, બેનર, ટીકીટના કવર, પીકચરના પાસનો પ્રિન્ટીગ ખર્ચ ગં.સ્વ. કોકિલાબેન જયંતીલાલ શાહ, હસ્તે. તેમના પુત્રો શ્રી ધર્મેશભાઈ અને સંજયભાઈ તરફથી મળ્યો.

અને એ દિવસ આવી પહોંચ્યો. તા. ૧૦-૧૧-

૧૨ ની રાત્રે ૧૦-૩૦ વાગે મુંબઈથી બાલાસિનોર જવા બરોડા એક્સપ્રેસ દ્વારા હમવતન મિત્રો જોડે પ્રયાણ કર્યું ત્યારે રાત્રે સીટ પર સૂતી વખતે

**''પરદેશી મન મારુ સુતા સુતા વિચારી રહ્યું**
**શરીર ઓગળી ગયુ પથારીમાં**
**અને મન પહોંચ્યું વતન સુધી''**

તા. ૧૧-૧૧-૧૨ ધનતેરસના દિવસે સવારે બરોડા પહોંચીને લક્ઝરી કોચ દ્વારા બાલાસિનોર પ્રયાણ કરવાનું હતું. આપવામાં આવેલ બસનં. સીટ નં. પર બેસ્યા ત્યાં ગરમા ગરમ ચહા અને બીસ્કીટનો નાસ્તો માણવા મળ્યો. આરામ દાયક પ્રવાસ માણતા માણતા બાલાસિનોર પહોચ્યાં ત્યાં પહેલેથી જ સ્વાગત કરવા ગામવાસીઓ ઉભેલા હતા ત્યારે વતન પહોંચવાનો, વતનના મિત્રોને મળવાનો આનંદ બેવડાઈ ગયો.

હોળી ચકલાથી બજાર સુધીનો આખો રસ્તો, તોરણો, લાઈટો, કંડીલો અને પતાકાઓની ભવ્ય સજાવટથી સ્વાગત કરી રહ્યો હતો. ઉતરીને સીધા વાડાસિનોર વણિક વાડી ખાતે નાસ્તો કરવા ગયા ત્યારે વાડીનું નવિનીકરણ જોઈને આનંદ અને આશ્ચર્યની મિશ્રીત લાગણીઓ થઈ. વાડીએ નવા જ શણગાર ધારણ કર્યા હતા. નવા ટેબલ, નવા પંખાઓ, નવી સજાવટ અને ખુલ્લો હોલ જોઈ ખુશીની લાગણી થઈ.

રાત્રે ૯.૩૦ કલાકે જમ્યા બાદ લાયન્સ કલબ હોલ ખાતે મ્યુઝીકલ ગેમ શોનું આયોજન થયું હતું. એમાં ત્રીસ જેટલા કપલોએ ભાગ લીધો હતો. આ ગેમનું સુંદર સંચાલન શ્રી દેવાંગ રાજેન્દ્ર મોદી, જીજ્ઞા દેવાંગ મોદી, હિમાંશુ મહેન્દ્ર મોદી અને વૈશાલી હિમાંશુ મોદીએ કર્યું હતું. એક પછી એક નવા ગીતોનાં તાલે ગેમ રમાતી ગઈ. બાલાસિનોર અને મુંબઈના યુવાન કપલોએ બાળક બની જઈ ખુબ જ આનંદ લીધો અને છેલ્લે જ્યારે રમતમાં મીણબત્તીઓ દ્વારા ચલો બાલાસિનોર-૨૦૧૨ની રચના કરવામાં આવી ત્યારે અદભૂત વાતાવરણ સર્જાયુ. ખૂબ મોડી રાત સુધી કાર્યક્રમ ચાલ્યો અને આ કાર્યક્રમમાં જીતેલા કપલો ખૂબ જ યાદગાર ટ્રોફીઓ પોતાની સાથે લઈ ગયા. આ ગેમ્સના બધા જ ઈનામો શ્રીમતી પ્રીતીબેન મનોજકુમાર પરીખ (બખલી) તરફથી મળ્યા. આ સમગ્ર કાર્યક્રમ દરમ્યાન મ્યુઝીકની અને ડેકોરેશનની જવાબદારી બાલાસિનોરના હસમુખભાઈ (ખડકસિંહે) સુંદર રીતે સંભાળી હતી.

તા. ૧૨-૧૧-૧૨ કાળી ચૌદશના દિવસે સવારે નાસ્તા બાદ શ્રી નીખીલભાઈ પરીખે સૌ બાળકોને લઈને ગીલ્લી દંડા રમવા લઈ ગયા. બાળકોને મેદાનમાં ગીલ્લી દંડા રમતા જોઈ મન બાલ્યાવસ્થામાં પહોંચી ગયું અને થયું ચાલ એક દાવ હું પણ અજમાવી લઉં! ટી.વી., મોબાઈલ અને કોમ્પ્યુટરની નવી પેઢીએ વડવાઓની જુની રમતનો આનંદ માણ્યો.

રાત્રે હનુમાન ટેકરી પર બાળકોને લઈ ફટાકડાં ફોડવા ગયા. હનુમાનદાદાના આર્શીવાદ લઈ બાળકો, મોટેરાઓ સાથે મળી ફટાકડા ફોડવા શરૂ કર્યા. એક પછી એક આતશબાજી થતી ગઈ. ગામવાસીઓ અને મુંબઈવાળાઓથી ટેકરી ભરાઈ ગઈ. આકાશ રંગબેરંગી ફટાકડાઓનાં ઉજાસથી છવાઈ ગયું.

રાત્રે જમ્યા બાદ ૯ કલાકે હોળી ચકલા મુકામે શ્રીનાથજીના ભજનનો ભક્તિમય કાર્યક્રમ ગોઠવવામાં આવેલો. હોળી ચકલાથી લઈ મોટા મંદિર સુધી લોકોની ભીડ ઉભરાઈ. અમદાવાદના નંદુભાઈ (ભગત) જેવા અલગારી ગાવાવાળા હોય ને ભક્તિમય એય એવા દુહા, છંદ ને ભક્તિ ગીતના ઘૂટડે ઘૂટડા પીવાતા હોય ને

જ્યાં રાત ઢુંકડી હોય ને એવું સહજનું સાનિધ્ય સાપડયું હોય ત્યારે મારા વાલીડાઓને તો મોજ જ પડેને. સુંદર ભક્તિમય કાર્યક્રમ સાથે રાસગરબાની રમઝટ મોડી રાત સુધી ચાલી. લોકોએ આ કાર્યક્રમ ખૂબ જ ભાવવિભોર થઈ માણ્યો. આ કાર્યક્રમ આપણા વતનના ભાઈઓ તરફથી મળ્યો હતો. તેમના નામ સર્વશ્રી દીલીપ મુળજીભાઈ ધારીયા, પ્રદીપ નવનીતલાલ ધારીઆ, સૌમિલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા), મનીષ બાબુલાલ શાહ, દીલીપ રસિકલાલ સોની, ગોપાલ ભીખાલાલ દરજી, મનોજ કીરીટકુમાર ભાવસાર, રવિ અશોકભાઈ સોની, વીમલ ચંદ્રકાંત સોની, કાનજી વિનુભાઈ સુખડીયા, ધવલ કૌશિકભાઈ ભાવસાર. ઈશ્વરના સાનિધ્યની આપણને સૌની દિવાળીમાં સોગાત આપવા માટે આ મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન.

તા. ૧૩-૧૧-૧૨ દિવાળીના દિવસે સવારે વહેલા ઉઠી ગોકુલનાથજી મંદિરમાં ગોવર્ધન પૂજાના દર્શન કર્યા. સવારે ૧૦ વાગ્યે લાયન્સ કલબ હોલ ખાતે ૭ થી ૧૪ વર્ષ સુધીના બાળકો માટે Minute to win it ગેમ શોનું આયોજન ઈનામો સાથે ડૉ. રાકેશભાઈ નગીનદાસ શાહ અને શ્રીમતી ભૃકુટીબેન રાકેશભાઈ શાહ અને સાથીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. તેમાં ૩૨ જેટલા બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એક પછી એક ખૂબ જ સુંદર રમતો રમાઈ. બાળકોમાં સ્પર્ધાનું વાતાવરણને જીતવાનો અનન્ય ઉત્સાહ જોવા મળ્યો. જીતેલા બાળકોને ચલો બાલાસિનોરની સુંદર ટ્રોફીઓ અને કોન્સોલેશન પ્રાઈઝ આપવામાં આવ્યાં.

બપોરે ૨ થી ૫ દરમ્યાન શક્તિ સિનેમા વીરપુર રોડ ખાતે ચલો બાલાસિનોર દ્વારા 'જબ તક હૈ જાન' પિકચરનો શો યોજવામાં આવ્યો. આ પીકચરનો શો આપણને શ્રી રશ્મીકાંત ઓચ્છવલાલ ધારીઆ (લાલખાં) હસ્તે તેમના પુત્ર શ્રી યતીનકુમાર રશ્મીકાંત ધારીઆ (લાલખાં) દ્વારા આખુ થિયેટર બુક કરવામાં આવ્યું હતું. શૉ શરૂ થવામાં થોડો વિલંબ થયો હતો ત્યારે વડીલો, યુવાનો અને બાળકોના ચહેરા પર જોવામાં આવેલી અધીરાઈ જોઈ થયું કે સાચે જ પ્રેમને કોઈ ઉંમરના બંધન નથી નડતા. યશ ચોપડા અને કિંગખાનનો જાદુ દર્શકો પર છવાઈ ગયો. શૉ ના મધ્યાંતર સમયે અનામી દાતા તરફથી ઠંડુ પીણું અને સમોસાનો નાસ્તો આપવામાં આવ્યો.

રાત્રે જ્યારે ગોકુલનાથજી મંદિરથી કીર્તનીયા નિકળ્યા ત્યારે ગામવાસીઓએ ખૂબ ફટાકડા ફોડયા. જાણે સમય થંભી ગયો, રસ્તો રોકાઈ ગયો અને લાગ્યું કે દિવાળીનો દિવસ એટલે તમસમાંથી જ્યોતિ તરફ પ્રયાણ કરવા માટેની આરાધનાનો દિવસ. અનિષ્ટ તત્વો સામે સત્યનો, અંધકાર સામે પ્રકાશનો વિજય. આખો દિવસ પરિવાર સાથે, મિત્રો સાથે આનંદથી માણ્યો.

તા. ૧૪-૧૧-૧૨ નૂતનવર્ષની શરૂઆત મંગળા દર્શન કરીને વડીલોના આશિર્વાદ મેળવીને કરી. સવારે એકબીજાના ઘરે જઈ નવા વર્ષની શુભકામનાઓ અર્પણ કરી. મુંબઈના વ્યસ્ત જીવનમાં જ્યાં કોઈના ઘરે જવાતું નથી ત્યાં બાલાસિનોરમાં વડીલો, મિત્રો, સગા સંબંધીઓના આશિર્વાદ એક સાથે મળી ગયા.

બપોરે જમ્યા બાદ વણિકવાડી ખાતે શ્રીમતી તૃપ્તીબેન કેતનભાઈ કડકીઆ (ચોકસી) દ્વારા ફરી બાળકો માટે રમત-ગમતનું આયોજન થયું. બાળકોએ બાલદિનને સુંદર રમતો દ્વારા માણ્યો. દરેક બાળકને ઈનામ આપવામાં આવ્યું.

બપોરે ૩ થી ૫ કલાક દરમ્યાન શ્રી ગોકુલનાથજી મંદિર, શ્રી મદનમોહનજી મંદિરમાં અન્નકૂટના દર્શન કરવાનો અનન્ય લ્હાવો મળ્યો.

સાંજે કાંતિપાર્ક ખાતે સ્નેહમિલન યોજાયું હતું. સૌ કોઈએ ઉપસ્થિત થઈ કેન્ડલો જલાવી, વડીલોના આશિર્વાદ લઈ એકબીજાને નવા વર્ષની શુભકામનાઓ આપી.

સીધ્ધનાથ પાર્ટી પ્લોટ ખાતે રાત્રે ૯ વાગે ઓરકેસ્ટ્રા પાર્ટીનું આયોજન થયું હતું. શરૂઆત પરંપરાગત રાસગરબાઓ દ્વારા થઈ. યુવાનો વડીલો અને બાળકો મન મૂકીને નાચ્યાં. ત્યારબાદ ઓરકેસ્ટ્રા પાર્ટીના સથવારે એક પછી એક રજુ થતાં સુંદર ગીતો પર લોકો ઝૂમીને નાચ્યાં. ૩૧ ડીસેમ્બરની તો ઘણી પાર્ટીઓ મુંબઈમાં માણી છે પણ નૂતન વર્ષાભિનંદનની આ ખૂબ જ અનોખી પાર્ટી એન્જોય કરી. આ સમગ્ર આયોજનનો ખર્ચ વતનના નીચે મુજબના ભાઈઓએ આપ્યો. સર્વશ્રી મણીકાંત છોટાલાલ કડકીઆ, મયંકકુમાર રજનીકાંત કડકીયા (ટીનુભાઈ ચોકસી), પ્રિયકાંત કીર્તનલાલ દેસાઈ (લાટવાલા), કૌશિકભાઈ શાંતિલાલ ચોકસી, શશીકાંત બાબુલાલ મોદી (મેઘલીયાવાળા), પંકજકુમાર મનુભાઈ શાહ (ચાહવાળા)

છેવટે જવાનો દિવસ તા. ૧૫-૧૧-૧૨ આવી પહોંચ્યો ત્યારે ચાર દિવસ સુધી વ્હેલી સવારે ઊઠી કેદાર મહાદેવ સુધી દેશની શુદ્ધ હવાને વર્ષ સુધી ફેફસામાં ભરી રાખવા ચાલતા જતા લોકો, રસોઈની, ઘરની જંજાળમાંથી મુક્ત ડ્રેસવાલાની દુકાનોમાં ડ્રેસની ખરીદી કરતી સ્ત્રીઓ, નવા ચપ્પલો, નવા કપડા, ઘરના મરી મસાલા ખરીદતા લોકો, પ્રેમથી આવકાર આપતા દુકાનદારો. દરેક જગ્યાએ પ્રેમ અને ઉત્સાહનું વાતાવરણ બપોરે જમ્યા પછીની મીઠી નિંદરો, રોજ રાત્રે નિશાળના ચોકમાં ગોટી સોડાને બરફગોલાની લહેજત માણતા મિત્રો સાથેની ગપ્પાગોષ્ટીઓની યાદ તાજી થઈ ગઈ. મુંબઈની વ્યસ્ત જીંદગીમા જ્યાં પાછુ વાળીને જોવાનો સમય નથી ત્યા આવુ ફુરસદનું ને પ્રેમનું વાતાવરણ હવે ક્યારે મળશે. સાંજે ઘર છોડતી વખતે આંખો ભરાઈ ગઈ. દિલમા ગમગીની છવાઈ ગઈ. સાંજે તળાવ કિનારે થી બરોડા સુધી લકઝરી કોચમાં જવાનુ હતુ ત્યારે શ્રી મનુભાઈ કડકીઆ એ પ્રેમથી ભેટી ને કહયું તમે જુવાનીયાઓએ આ વખતે નાના બાળકો માટે ઘણુ કર્યુ આવુ દર વખતે કરતા રહેજો આ બાળકો જ દર વર્ષે દીવાળીમાં તમને ખેંચી લાવશે.

ત્યારે થયુ આનાથી વધારે સુંદર દીવાળી માણી શકાત? રીસોર્ટમાં કે હિલસ્ટેશન પર માણવા કરતા મિત્રો, પરિવાર અને સગાસંબંધીઓ સાથે વતનમાં માણેલી દીવાળી એજ ખરી દીવાળી.

આ સમગ્ર આયોજનમાં સવારે ચા-નાસ્તો અને સવાર સાંજ ભોજનની ઉત્તમ વ્યવસ્થા કરવામાં આવી હતી. નાના થી માંડી મોટા બધાનો ખ્યાલ રાખી મેનુની જાણકારી અગાઉથી જ બોર્ડ ઉપર લખવામાં આવી હતી. રોજ નવી નવી વાનગીઓ, ફાફડા, જલેબી, પાપડી, ગોટા, સેવાલીયાના ખમણ અને બ્રેડ બટર તો રોજ નાસ્તામા ખરાજ. જમવામા નવા નવા ફરસાણ, મિષ્ઠાન સાથેનું ભોજન છેલ્લે ઠંડી છાસ અને દિલને હાશ. આ ઠંડી છાસ રોજ રોજ પાંચેય દિવસ. (૧) શ્રી પ્રિયકાંતભાઈ કિર્તનભાઈ દેસાઈ (લાટવાળા) ૨) સુનીલ નવીનચંદ્ર મોદી (ઠાસરાવાળા) અને ૩) નિલેશ નવનીતલાલ શાહ (૪) હેમેન્દ્ર રમણલાલ શાહ (ચકવા) અને (૫) જાસ્મીન બીપીનચંદ્ર શેઠ તરફથી રાખવામાં આવેલ.

રોજ રોજ રાત્રે નવી નવી વેરાયટી, પંજાબી, પાઉભાજી, પુલાવ, ચાઈનીઝ ને આ વખતે તો દીવાળીના દિવસે ખાસ બરોડાથી ઢોસાવાલાને બોલાવવામાં આવ્યો હતો. અલગ અલગ જાતના ગરમા ગરમ ઢોસા સાથે ઈડલીની લહેજત માણવા મળી. ના કોઈ ધક્કામૂકી, લાઈનબંધ કાઉન્ટર, કાર્યકર્તાઓનો પ્રેમપૂર્વક જમાડવા માટે થતો આગ્રહ આટલી સુંદર વ્યવસ્થા ને બધાને મનગમતી વાનગીઓનું જમણ તો કોઈ ફાઈવસ્ટાર રીર્સોટને પણ ટક્કર માટે એવુ હતુ.

આ સમગ્ર આયોજન દરમ્યાન રોજ ૫૫૦ થી ૬૦૦ માણસોને પ્રેમથી સ્વાદિષ્ટ વાનગીઓ જમાડનાર રસોઈયા શ્રી મનહરભાઈ અને તેમના મહારાજોનો આભાર માનવો ઘટે. સાથે સાથે સમગ્ર આયોજનના ફોટા પાડી યાદગીરી રૂપે આપણને મોકલનાર શ્રી નિલેશભાઈ શાહ ને પણ કેમ ભૂલાય.

આપણને સમગ્ર આયોજન દરમ્યાન મીનરલ પાણીની બોટલો ખાસ અમદાવાદથી લાવીને પીવડાવનાર દંપતિશ્રી રૂપેશ સુરેશભાઈ ધારીયા (બલબલ) (બાબાભાઈ)ને તેમના પત્નિ હેતલબેન ને દિલથી અભિનંદન આપવા ઘટે.

મિત્રો આ સમગ્ર આયોજનમાં આપણને સાથ સહકાર અને આગવું આતિથ્ય પ્રેમ આપનારા આપણા બાલાસિનોર ના મિત્રો અને તેમના પરિવારોને ખાસ અભિનંદન કે જેમના વગર આ આયોજનની સફળતાજ વિચારવી શક્ય નથી.

મિત્રો જે આયોજનમાં સંઘના પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશભાઈ ધારીયા (બલબલ)ની સૌને સાથે રાખીને ચાલવાની ભાવના હોય. જેમને આ આયોજન સફળજ થશે એવો બુલંદ આત્મવિશ્વાસ હોય અને સમસ્ત આયોજનની જવાબદારી પોતાના શિરે ઉપાડી બાલાસિનોર અને મુંબઈ ખાતેના મિત્રો સાથે સંકલન સાધી બાલાસિનોર ખાતે ધાર્યુ આયોજન સફળ કરનાર શ્રી જીગર મણીકાંતભાઈ કડકીઆનો સાથ હોય, કાર્યકર્તાઓ સાથે ખભેખભા મિલાવી કામકરનાર ભાવેશભાઈ મોદી અને સૌમિલભાઈ મોદી જેવો જોશ હોય. સેવાભાવી, નિસ્વાર્થ સમાજ માટે કશુક કરી છુટવાની ભાવના ધરાવનારા હસમુખા પ્રત્યક્ષ કે પરોક્ષ કાર્યકર્તાઓની ફોજ હોય. જે આયોજનમાં નામી કે અનામી દાતાઓ તરફથી ઈનામો ભેટ સોગાદોની વર્ષા થઈ હોય એ આયોજન ચલો બાલાસિનોર ૨૦૧૨ એ નવયુવક સંઘના આયોજનોની યશકલગીમાં એક ઓર સુવર્ણ પીછું લગાડી દેશે અને વર્ષો સુધી લોકોના માનસપટ પર એની યાદ તાજી રહેશે એમા શંકાને સ્થાન નથી.

મારા સંસ્મરણો વાંચી ને જો ખરેખર તમે આ વખતે ચલોબાલાસિનોરમાં ના આવ્યા હોતો ફરીવાર જ્યારે ચલો બાલાસિનોરનું આયોજન થાય ત્યારે જવાનું અત્યારથી જ નક્કી કરી નાખજો રખેને ચુકીજતા, અને દિલથી જો નક્કી કરી નાખ્યું જ હોય તો આદિલ મન્સુરીનો આશેર વાચવો જ રહયો.


**ફરી આ રેત પર રમતુ નગર મળેકે ના મળે**
**ફરી આ દ્રશ્યો સ્મૃતિપટ પર રહે કે ના રહે**
**ભરીલો શ્વાસમાં આજે એની સુગંધનો દરિયો**
**કાલે ફરી આ વતનની માટીની ખુશ્બુ મળે કે ના મળે.**

**- દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા)**

## ફગવા ઉત્સવ બાલાસિનોર મુકામે

આ વર્ષે ફગવા ઉત્સવ તા. ૨૧-૩-૨૦૧૩ના રોજ દોશી રમણલાલ છોટાલાલના પરિવાર તરફથી રાખવામાં આવ્યો છે. તો દરેક વડીલો તથા વૈષ્ણવો પધારવાને વિનંતી.

**લી. દોશી રમણલાલ છોટાલાલનો પરિવાર**
**દોશી કચરાલાલ રમણલાલ**





# ગ્રામ સેવા સમાજ

## કાંતિલાલ પરીખ પબ્લીક પાર્ક બાલાસિનોર

ઉપરોક્ત પાર્કમાં પ્રતિ વર્ષ નૂતનવર્ષના દિવસે સ્નેહમિલનનું આયોજન થાય છે. ચાલુ વર્ષે પણ આયોજન થયું હતું.

પાર્કના વિકાસકાર્યમાં એક બાજુની બાઉન્ડ્રી તૂટી જવાથી નવી બનાવવા રૂા. ૧,૫૦,૦૦૦/- (રૂપિયા એક લાખ પચાસ હજાર) ના ભંડોળ માટે અપીલ કરવામાં આવી હતી. દાતાઓનો સુંદર સહકાર મળેલ છે. નીચે મુજબ રકમ મળી/નોંધાઈ હતી.

**રૂા. ૧૧,૦૦૦/- ના દાતાઓ**

શાહ રજનીકાન્ત ઓચ્છવલાલ (ઠાસરાવાળા)
નવીનચંદ્ર ચીમનલાલ શાહ (મેનપુરવાળા)
દેસાઈ રાજેશભાઈ કિર્તનલાલ (લાટવાળા)
પરીખ વસંતભાઈ શાંતિલાલ (કુવાવાળા)
પરીખ નીતિન જયંતિલાલ (બખલી)
કડકીઆ રસિકલાલ રમણલાલ (આર. આર.)
કડકીઆ મનહરલાલ ચુનીલાલ (મલમ)
મોદી વિનીત અને ઉર્વીશ રસિકલાલ (દેવ)

**રૂા. ૫,૦૦૦/- ના દાતાઓ**

અન્નપૂર્ણા ફાર્મ્સ અને પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ
હસ્તેઃ રમણીકભાઈ ધારીઆ
અભ્યુદય ટ્રસ્ટ, હસ્તેઃ બાબુલાલ એસ. દેસાઈ
પરીખ પરેશકુમાર રસિકલાલ (દૂધવાળા)

**રૂા. ૨,૦૦૦/- ના દાતાઓ**

ચંદ્રપ્રભા પ્રવિણચંદ્ર પરીખ (રોકડીઆ)
ગીતાબેન દિનેશચંદ્ર પરીખ (રાઠોડીઆ)
આશાબેન દિનેશચંદ્ર શાહ (પુનમ ટ્રેડીંગ કાું)
સરયુબેન નવનીતલાલ પરીખ (બખલી)
એક સદ્‌ગૃહસ્થ તરફથી
અશોક નટવરલાલ ડોશી

**રૂા. ૧,૦૦૦/-**

એક સદ્‌ગૃહસ્થ તરફથી
કલ્પના કીર્તિકુમાર કડકીઆ (લટકારી)
મોદી દીપકકુમાર પુનમચંદ (સારંગી)

**વર્ષ ૦૧-૦૪-૨૦૧૨ થી ૩૧-૦૭-૨૦૧૨ અગાઉ મળેલ દાન**

રૂા. ૧૧,૦૦૦/- કિરીટકુમાર કે. કડકીઆ
રૂા. ૨,૦૦૦/- શોભનાબેન ભરતકુમાર કડકીઆ (સિકંદ્રાબાદ)

સંસ્થા સહુ દાતાઓનો હાર્દિક આભાર માને છે.

**લી. રજનીકાંત ઓ. શાહ, મંત્રીશ્રી**

**શ્રી વાડાસિનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ**

**બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરીટેબલ ટ્રસ્ટ**

**સમાજના દાતાશ્રીઓને નિમંત્રણ**

વિદ્યોત્તેજક મંડળ / ટ્રસ્ટ ૩ નવી વિદ્યાલક્ષી યોજનાઓ આપ સમક્ષ રજુ કરતા હર્ષ અનુભવે છે અને આશા વ્યક્ત કરે છે કે સમાજનાં ઉદાર દિલ દાતાઓ હંમેશ માફક દાન ના પ્રતિસાદ વડે આ યોજનાઓને અપનાવી લેશે. નીચે મુજબ યોજનાઓ માટે દાતા / પુરસ્કરતા આવકાર્ય છે.

**૧. કન્યા શિક્ષણ યોજના રૂ. ૧૧,૦૦,૦૦૦**
**Girls Education Scheme.**

**૨. મેડિકલ શિક્ષણ યોજના રૂ. ૧૧,૦૦,૦૦૦**
**Medical Education Scheme.**

**૩. એન્જીનિયરીંગ શિક્ષણ યોજનારૂ. ૧૧,૦૦,૦૦૦**
**Engineering Education Scheme.**

**માનદ્ મંત્રીઓ**

**શરદ નટવરલાલ દેસાઈ – મંજુલ શૈલેષ ધારીઆ**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

શ્રી બાલાસિનોર સેવા સમાજની કાર્યવાહક સમિતિની તા. ૨૬-૧૧-૧૨ના રોજ મળેલ સભામાં નીચે મુજબના ૬ ટ્રસ્ટીઓ રાજીનામા આપી છુટા થયા છે.

(૧) શ્રી કીર્તનલાલ મણીલાલ પારેખ
(૨) શ્રી ધીરૂભાઈ રમણલાલ શેઠ
(૩) શ્રી રસીકલાલ સાકરલાલ મોદી
(૪) શ્રી પ્રફુલ ઓચ્છવલાલ શેઠ
(૫) શ્રી રાજુલ મોહનલાલ પરીખ
(૬) શ્રી દક્ષેશ બાબુલાલ કડકીઆ

- રાજીનામા આપી છુટા થતા ઉપરના ૬ ટ્રસ્ટીઓની જગ્યાએ નીચે મુજબના નવા ૬ ટ્રસ્ટીઓની નીમણૂંક કરવામાં આવેલ છે.

(૧) શ્રી નીતિન રજનીકાંત શાહ
(૨) શ્રી રૂપીન પુનમચંદ કડકીઆ
(૩) શ્રી અનીસ સુરેન્દ્ર ગાંધી
(૪) શ્રી જતીન નવનીતલાલ દેસાઈ
(૫) શ્રી નીખીલ બાબુલાલ પરીખ
(૬) શ્રી ઉર્વીશ રસીકલાલ મોદી

નવી નીમણુંક પામેલ ટ્રસ્ટીઓ ટ્રસ્ટની તમામ કાર્યવાહક સમિતિમા હાજર રહી સક્રીય રીતે ટ્રસ્ટને મદદરૂપ બનશે તેવી અપેક્ષા સહ

## નવું નોંધાયેલ દાન

(૧) **ચંદનબેન રમણલાલ દોશી હસ્તે હીનાક્ષી શૈલેષ દોશી (યુ.એસ.એ.)** તરફથી હોસ્પિટલ માટે નવી એમ્બ્યુલન્સ વેન વસાવવા માટે રૂા. ૧૦ (દશ) લાખના માતબર દાનનું વચન મળેલ છે. સંસ્થા દાતાશ્રીનો ખુબ ખુબ આભાર માને છે.

હોસ્પિટલમાં તા. ૧-૯-૧૨ થી તા. ૩૧-૧૦-૧૨ દરમિયાન નીચે મુજબની માફી આપવામાં આવેલ છે.

(૧) દવા માફી રૂા. ૫૦૮૭૭૬/-
(૨) પેથોલોજીસ્ટ ટેસ્ટ માફી રૂા. ૨૦૪૯૦/-
(૩) ઈન્ડોર માફી રૂા. ૧૪૭૪૪૧/-

## 'લીલાવતી કીરીટકુમાર કડકીઆ (ફાડીયા) હેલ્થચેકઅપ વિભાગ'

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં તા. ૧-૯-૧૨ થી હેલ્થચેકઅપના નીચે પ્રમાણેના ટેસ્ટ રૂા. ૩૦૦ (ત્રણસો) માં કરવામાં આવેલા છે.

### પેથોલોજીસ્ટ ટેસ્ટ:

(1) CBC (2) ESR (3) BLOOD GROUP (4) URINE-R-M (5) FBS (6) PPBS (7) S.CREATINE (8) BL.UREA (9) S.BILIRUBIN (10) SGPT (11) URIC ACID (12) CHOLESTEROL (13) TRIGLYCERIDES (14) TSH

### રેડીયોલોજીસ્ટ ટેસ્ટ :

(૧) છાતીનો એક્સ-રે (૨) પેટની સોનોગ્રાફી

### ઈલેક્ટ્રોનીક કાર્ડીઓગ્રામ (ECG) :-

ફીજીશીયન તથા સર્જન દ્વારા કન્સલટન્સી તથા સ્ત્રીઓ માટે ગાયનોકોલોજીસ્ટ દ્વારા કન્સલટન્સી

**ખાસ નોંધ :-** H.D.L. ટેસ્ટ તા. ૧-૩-૧૩ થી ૩૧-૩-૧૩ દરમ્યાન જ હેલ્થ ચેકઅપ કરવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

**શ્રી રાજેન્દ્ર દેસાઈ - શ્રી નિતિન પરીખ**
**માનદ્ મંત્રીશ્રીઓ**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાંત કાંતિલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૬૧માં વાર્ષિક રસોત્સવનો અહેવાલ

નવા વર્ષે સમાજના લોકોને મળવાનો અને નવા વર્ષની શુભકામનાઓ આપવાનો મોકો આપણને રસોત્સવ દ્વારા મળી રહે છે.

૬૧મો વાર્ષિક રસોત્સવ તા. ૨૫-૧૧-૧૨ના રવિવાર સવારે ૯ કલાકે બિરલા માતૃશ્રી સભાગૃહ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ રસોત્સવના મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆનું તથા તેઓના પરિવારનું સંઘના સૌ કાર્યકર્તાઓ, હોદેદારો અને પ્રમુખ શ્રી કલ્પેશભાઈએ પ્રવેશ દ્વાર પર સ્વાગત કર્યુ.

આપણા મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ કચેરિઆનો પરિચય સુંદર સોવેનિયર પત્રિકા દ્વારા દરેકને પ્રવેશ દ્વાર પર આપવામાં આવ્યો હતો.

સંપૂર્ણ સભાગૃહ ખીચો ખીંચ ભરાઈ ગયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં શ્રી દેવાંગ રાજેન્દ્ર મોદી (પેપરવાળા) એ સંઘના હોદેદારો, ઉપસ્થિત મહેમાનો તથા આજના મુખ્ય મહેમાનને આવકાર આપ્યો હતો. ત્યારબાદ સંપૂર્ણ ગરિમા સાથે ઉપસ્થિત સૌએ આપણા રાષ્ટ્રગીતનું ગાન કર્યુ હતુ. ત્યારબાદ કુંજુબેન શાહ, સોહીણીબેન કડકીઆ, અને વૈશાલીબેન મોદીએ મંચ પરથી મંગલાષ્ટક ગાયુ હતુ.

ત્યારબાદ સંઘના મંત્રીશ્રી ભાવેશભાઈ મોદીએ પોતાનું વક્તવ્ય રજુ કર્યુ હતુ. તેમજ મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ કચેરીઆ ને સુંદર ગુલદસ્તો આપી તેઓનું સન્માન કર્યુ હતુ. સંઘના પ્રમુખશ્રી કલ્પેશભાઈ ધારીયાએ મુખ્ય મહેમાન શ્રી ને મોમેન્ટો આપી તેઓનું બહુમાન કર્યુ. સંઘના ઉપપ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદીએ મુખ્ય મહેમાન શ્રી ના ધર્મપત્ની ને ગુલદસ્તો આપી બહુમાન કર્યુ. ત્યારબાદ ઈન્દીરાબેન રજનીકાંત કડકીઆનું શ્રીમતી જલ્પાબેન કલ્પેશભાઈ ધારીઆએ ગુલદસ્તો આપી બહુમાન કર્યુ હતુ.

સંઘના પ્રમુખશ્રી કલ્પેશભાઈ સુરેશચંદ્ર ધારીયાએ પોતાના સુંદર વક્તવ્યની શરૂઆતમાં લક્ષ્મી સુકર્મ અને સેવાએ ત્રણેનો ત્રિવેણી સંગમ જેઓમા સમાયેલો છે તેવા સૌથી યુવાન વયના આજના આપણા મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ કચેરીઆ નો પરિચય આપી ગૌરવ અને આનંદ ની લાગણી વ્યક્ત કરી હતી. તેમજ મુખ્ય મહેમાન દ્વારા ગોવા રાજ્યમાં તૈયાર થઈ રહેલ હવેલી ની પ્રાણપ્રતિષ્ઠા ની માહિતી આપી સૌને તે માટેનું નિમંત્રણ આપ્યુ હતુ. અને રસોત્સવ પ્રસંગે ગુજરાતી ગીતોનો મનોરંજક કાર્યક્રમ હુ તુ તુ તુ, સુંદર કાર્યક્રમ, ભેટ તેમજ સમગ્ર જમવાનો ખર્ચ મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ તરથી મળવાનો હોવાથી જેઓ એ જમવાના પૈસા ભર્યા હતા તે તે સર્વેને રીફંડ આપવામાં આવશે તેવી જાહેરાત કરી હતી. ઉપસ્થિત સર્વે એ તાળીઓના ગડગડાટ થી પ્રમુખશ્રીના વક્તવ્યને વધાવી લીધુ હતુ.

ત્યારબાદ સંઘના રસોત્સવના સંયોજક શ્રી દીક્ષીત પરીખે પોતાનું વક્તવ્ય રજુ કરી મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ કચેરીઆ તથા તેઓના પરિવારનો ખૂબજ આભાર માન્યો હતો. તેમજ તેઓની પેટા સમિતિના સભ્યો તથા સમગ્ર કારોબારીના સભ્યો અને ઉપસ્થિત સર્વે બાલાસિનોરના વતનીઓનો આભાર માન્યો હતો. ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી કલ્પેશભાઈ ધારીયા એ ત્રણ

નવી યોજાઓની અને તેના દાતાઓની સહર્ષ જાહેરાત નીચે મુજબ કરી હતી.

પ્રથમ યોજના : Medical & Engineering Text Book Scheme: માટે Rs.7,50,000/- (સાત લાખ પચાસ હજાર) જે સ્કીમ ના દાતા શ્રી મનોજભાઈ કચેરીઆ છે. સંસ્થાના ઉપપ્રમુખ શ્રી સૌમિલભાઈ મોદી એ સુંદર બુકે થી શ્રી મનોજભાઈનું સન્માન કર્યુ હતુ.

બીજી યોજના : Post Graduation Text Book Scheme : Rs. 7,50,000/- આ Scheme ના દાતા શ્રી કંચનલાલ છોટાલાલ ગાંધી (સુરતી) નો પરિવાર છે. તેમના પરિવારના મોભી શ્રી વિરેન્દ્રભાઈ ગાંધીનું સંઘના મુખ્ય મંત્રીશ્રી ભાવેશભાઈ મોદીએ બુકે આપીને સન્માન કર્યુ હતુ. આ યોજનાને સફળ કરવા બદલ સંસ્થાવતી શ્રી મનુભાઈ કડકીયા અને તેઓના સુપુત્ર શ્રી જીગરભાઈ કડકીયાનો પ્રમુખશ્રીએ ખુબજ આભાર માન્યો હતો.

ત્રીજી યોજના : XI Standard to Graduation Text Book Scheme : Rs. ૭,૫૦,૦૦૦/- આ સ્કીમના દાતા શ્રીમતી નુતનબેન અક્ષયભાઈ પરીખ (બખલી) હસ્તે શિવાની ગૌરવ પરીખ છે. સંસ્થા વતી આ યોજના સાકાર કરવામાં મદદ કરવા બદલ શ્રી મનોજભાઈ રસીકલાલ પરીખ (બખલી) અને શ્રી જીગરભાઈ કડકીયાનો આભાર માની પ્રમુખશ્રીએ ત્રણેય દીલેર દાતાઓનો સંસ્થાવતી ફરીથી આભાર માન્યો.

શ્રી દેવાંગભાઈ મોદીએ ઉપરોક્ત કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યુ હતુ.

ત્યારબાદ જેની સર્વે ખુબજ આતુરતા પૂર્વક રાહ જોતા હતા એ ગુજરાતી ગીતોનો નાનાઓથી માંડીને મોટેરાઓ માટેનો રંગારંગ કાર્યક્રમ હુ તુ તુ તુ રજુ થયો. તેના સંચાલક શ્રી સુનિલભાઈ સોનીના સથવારે એક પછી એક જુના અને નવા ગીતો દ્વારા ગાયક કલાકાર શ્રી તુષાર ત્રીવેદી, પ્રિયા પંચાલ, અને ચૌલા સોઢા એ લોકોના દિલ જીતી લીધા. ચૌલા સોઢા અને તુષાર ત્રિવેદીની જુગલ બંધી વાળું કોણ હલાવે લીમડી ને કોણ ઝુલાવે પીપળી ગીતે લોકોની આંખમા આંસુ લાવી દીધા હતા. તથા સ્ક્રીન પર રજુ થતા હાથીભાઈ તો જાડા, મે એક બીલાડી પાળી છે, આવ રે વરસાદ નું એનિમેશન લોકો ના દિલ પર જાદુ કરી ગયા.

મારા ભોળા દિલનો, નજરના જામ, નયન ને બંધ રાખી ને ગીતોમાં લોકો ખોવાઈ ગયા ને છેલ્લે તુષાર ત્રિવેદી દ્વારા ચકડોળ ... હુ તુ તુ તુ. તો લોકોને હતપ્રભ કરી ગયુ. લોકોએ ખૂબજ આનંદ થી સંપૂર્ણ કાર્યક્રમ છેલ્લે સુધી માણ્યો હતો.

ત્યારબાદ સુંદરાબાઈ હોલ ખાતે ભોજન સમારંભ માં ૫૦૦ જેટલી વ્યક્તિઓએ ખૂબજ સુંદર સ્વાદીષ્ટ ભોજનનો આસ્વાદ માણ્યો હતો. તેમજ મુખ્ય મહેમાન શ્રી દ્વારા આપવામાં આવેલ ડ્રાયફ્રુટ બોક્ષ ની ભેટ લઈ સૌ કોઈ છુટા પડયા.

છેલ્લે મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ કચેરીઆ એ સંઘના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, સંયોજક તથા સર્વે કાર્યકર્તાઓની કાર્યક્રમ ને સુંદર રીતે પાર પાડવા બદલ ખૂબજ પ્રશંસા કરી અને સર્વેની સંઘભાવના ને બિરદાવતા કહયું હતું કે આટલી સુંદર પ્રવૃતિ બદલ નવયુવક સંઘ ભવિષ્યમાં પણ એક પછી એક સફળતાના સોપાન સર કરતું રહે એવી શુભેચ્છા અપર્ણ કરી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

**સંયોજક : શ્રી દીક્ષીત પરીખ**

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત શ્રી રજનીકાન્ત કાંતીલાલ કડકીઆ (ધરીવાલા) પુરસ્કૃત ૬૨મો વાર્ષિક રસોત્સવ માં હાજર રહેલા મુખ્ય મહેમાન શ્રી મનોજભાઈ પ્રવિણચંદ્ર કચેરીઆ તથા તેમના કુટુંબીજનો, સંસ્થાના હોદ્દેદારો, સંયોજક અને પ્રોગ્રામ માં હાજર રહેલા સહુ ભાઈઓ અને બહેનો**





### શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
## શ્રીમતી મંજુલાબેન શાંતિલાલ મહેતા (ધરીવાળા)પુરસ્કૃત
# કોમ્પ્યુટર શિક્ષણ યોજના

જત જણાવવાનું કે સંસ્થાએ M/S. Raj Software Techonology (India) LTD. સાથે કરાર કરી આ યોજનામાં સ્કુલ અને કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, સીનીયર સીટીઝન માટે સોનેરી તક ઉભી કરેલ છે. આ યોજનામાં નીચે મુજબના સર્ટીફાઈડ કોર્સ શીખવાડવામાં આવશે.

| Sr. No. | Course | Course Fees | Service Tax (12.36%) | Total |
|---|---|---|---|---|
| 1 | Office Automation | 1400.00 | 173.00 | 1573.00 |
| 2 | Tally. ERP9 | 2250.00 | 278.00 | 2528.00 |
| 3 | Kids Course | 1250.00 | 155.00 | 1405.00 |
| 4 | Web Page Designing | 5000.00 | 618.00 | 5618.00 |
| 5 | Desk-Top Publishing | 3000.00 | 371.00 | 3371.00 |
| 6 | Computer Hardware Course | 3000.00 | 371.00 | 3371.00 |
| 7 | CCCT Course | 5000.00 | 618.00 | 5618.00 |
| 8 | SPA | 13500.00 | 1669.00 | 15169.00 |
| 9 | G-TECH | 52866.00 | 6534.00 | 59400.00 |
| 10 | Smart IT Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 11 | Smart Multimedia Professional | 36000.00 | 4450.00 | 40450.00 |
| 12 | Information Technology Professional | 10000.00 | 1236.00 | 11236.00 |
| 13 | Programming IN C | 1500.00 | 186.00 | 1686.00 |
| 14 | Programming In C++ | 2000.00 | 248.00 | 2248.00 |
| 15 | Programming InJAVA (CORE) | 4000.00 | 495.00 | 4495.00 |
| 16 | Programming InJAVA(ADVANCE) | 4500.00 | 556.00 | 5056.00 |
| 17 | Programming In VISUAL BASIC | 4000.00 | 495.00 | 4495.00 |
| 18 | Programming in SQL | 4000.00 | 495.00 | 4495.00 |
| 19 | Programming In. NET Technologies | 36000.00 | 4450.00 | 40450.00 |
| 20 | Programming In PHP | 9000.00 | 1113.00 | 10113.00 |
| 21 | Certified Accounting Professional | 5000.00 | 618.00 | 5618.00 |

આ યોજના માટે સંસ્થામાં ફોર્મ ભરવું જરૂરી રહેશે. ફોર્મની સાથે પુરી ફી ચેક અથવા રોકડા સાથે ૧ ફોટો આપવાનો રહેશે. સફળતા પૂર્વક કોર્સ પુરો કરી સર્ટિફિકેટ મેળવનાર વિદ્યાર્થીને ૫૦ ટકા ફી ચેક થી પાછી આપવામાં આવશે.

**Branches of Raj Academy -** Andheri (W), Bandra (E), Borivali (W), Kandivali (W), Dadar (E), Dahisar (E), Malad (W), Ghatkopar (W), Goregaon (W), Kandivali (E), Miraroad (E), Malad (E), Masjid Bunder

બીજુ મુંબઈ ખાતે Software Academy (પ્રાથના સમાજ) ખાતે નીચે જણાવેલ કોર્સ શીખવાડવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| 1. | Basic Cum Value Added Course | - | Rs. 1400/- |
| 2. | Tally ERP 9 | - | Rs. 2200/- |
| 3. | DTP (Desk Top Publishing) | - | Rs. 2000/- |
| 4. | Web Page Designing (WPD) | - | Rs. 3200/- |
| 5. | Complete Grandmaster (Kids Concept) | - | Rs. 900/- to Rs. 3600/- |
| 6. | Tiny Ladies Cum Value Address Course | - | Rs. 1700/- |

આ અંગેના ફોર્મ સંસ્થાની ઓફિસમાં સંસ્થાના સમય દરમ્યાન તથા સંયોજક શ્રી સમીર જયેન્દ્ર ગાંધી (લુહાર ચાલ) ખાતેથી મળશે. આ અંગેની વધુ જાણકારી માટે તથા ફોર્મ સંપુર્ણ ભરીને સંયોજક સમીર ગાંધી ને નીચે જણાવેલ સરનામે મોકલવાના રહેશે.

**સમીર જયેન્દ્ર ગાંધી** - ટેન. ૨૨૦૬૦૨૯૪ / ૨૨૦૩૮૦૭૭ / ૯૮૨૧૨૩૪૩૦૬
Nikoshi Trading Co. 12/5, 1st Floor, Carmellos Building, 63/67 Pathakwadi, Lohar Chawl, Mumbai - 400002

**મંત્રી : ભાવેશ બીપીન મોદી** **સંયોજક : સમીર જયેન્દ્ર ગાંધી**

# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

## સંસ્થા સમાચાર

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૭મી બેઠક તા. ૩-૧૨-૧૨ના રોજ સોમવારે સાંજે ૭ કલાકે શ્રી મોહનલાલ સાંકરલાલ શાહ (ઝાટ) સભાગૃહ ખાતે મળી હતી.

પ્રમુખ શ્રી કલ્પેશ સુરેશ ધારીઆ ના નેજા હેઠળ નીચે મુજબના મુદ્દાઓ હાથ ધરાયા હતા.

સંસ્થાના સહમંત્રી શ્રી જાસ્મીન શેઠ એ ગત મિટિંગનો અહેવાલ રજુ કર્યો હતો તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

ક્રીકેટના સંયોજક શ્રી ચીરાગ પરીખે કડકીઆ એન્ટરપ્રાઈઝ T-10 ટુરનામેન્ટ કપ નો વિસ્તરીત અહેવાલ રજુ કર્યો હતો, તેમાં તેમણે દાતા શ્રી દક્ષેશભાઈ તથા મીનીષભાઈનો આભાર માન્યો હતો. તેમણે Midday T-10 ટુરનામેન્ટ માટે તારીખોની રજુઆત કરી હતી.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) પુરસ્કૃત ઉપનગર વિભાગના સંયોજક શ્રી હેમેન્દ્ર શાહ એ ૧૬ ડીસેમ્બર ૨૦૧૨ ના રોજ નવુ નાટક Five Star Aunty, પ્રબોધન ઠાકરે હોલ (બોરીવલી) ખાતે સવારે ૯ કલાકે યોજાશે ની રજુઆત કરી હતી.

પ્રમુખ શ્રી કલ્પેશ ધારીઆએ ત્રણ ૭,૫૦,૦૦૦/-ની સ્કીમ ના દાતા મળી ગયા છે. તેમને દાતાઓ નો અને સહુ કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો અને બીજી ત્રણ નવી સ્કીમ રૂા. ૧૧,૦૦,૦૦૦/-ની જાહેર કરી હતી તેમના નામ નીચે મુજબ છે.

1) Treatment For By Pass Surgery
રૂા.૧૧,૦૦,૦૦૦/-
2) Treatment For Cancer
રૂા.૧૧,૦૦,૦૦૦/-
3) Treatment For Kidney Dialysis
રૂા.૧૧,૦૦,૦૦૦/-

કુલ ૬ લીવની અરજીઓ આવી હતી તે સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

**મંત્રી : શ્રી ભાવેશ મોદી**

શ્રી બાડાસિનોર દશાનીમા વણીક વાડીમાં વોટર ફીલ્ટરેશન પ્લાન્ટ માટે રૂા. ૩૧,૦૦૦/- નું માતબર દાન ગં.સ્વ. કલાબેન રમણલાલ ધારીઆ (શહેરાવાળા) તરફથી મળ્યું છે.

વાડીમાં કાયમી ડીપ ફ્રીઝર માટે રૂા. ૩૧,૦૦૦/- નું માતબર દાન સ્વ. મંજુલાબેન મધુસુદન પારેખ તરફથી મળ્યું છે.

રૂા. ૫૦૦૦/- શ્રી તુષાર મહેન્દ્રભાઈ કડકીઆ (બનડા) તરફથી મળ્યા છે.

વાડીના ટ્રસ્ટીઓ ઉપરના સૌનો હૃદયપૂર્વક આભાર માને છે. વાડીના નવીનીકરણ માટે અંદાજીત ૯ થી ૧૦ લાખનો ખર્ચ થયો છે. સર્વે ઉદારદીલના દાતાઓને નમ્ર વીનંતી છે તે આ ખર્ચ માટે યોગ્ય સાથ અને સહકાર આપશો. **લી. વણીકવાડીના ટ્રસ્ટીઓ**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામાં

**૧. દીપક ચીમનલાલ શાહ (નગરશેઠ)**
B/102, Solitaire Heights.
ઉમેદ આશ્રય રોડ, શીમ્પોલી રોડ નં. ૧,
રાજડા સ્કુલની બાજુમાં, દ્વારકા હોટલ વાળી ગલી,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૯૨
મો. ૯૩૨૨૨૭૯૫૯૨ (દીપક)
૯૮૨૦૨૫૧૬૭૩ (ઉષા)

## તેજસ્વી તારલાં

**૧) ઉપાસના કૌશીક દેસાઈ** - B.P.T. (Bachelor of Physiotherapy માં ઉર્ત્તીણ થયા છે.

**૨) રૂચીતા કૌશીક દેસાઈ** B.Com માં First Class માં પાસ થઈ છે.

## નવા ટેલિફોન નંબર

| | |
|---|---|
| પ્રફુલ્લ મોહનલાલ ધારિઆ | - ૨૪૯૩૧૫૯૫ |
| હંસાબેન બાબુલાલ શાહ (પડાલવાળા) | - ૨૩૮૨૩૪૩૨ |
| રશ્મીકાંત કાંતિલાલ દોશી | -૯૯૨૦૩૧૨૭૫૩ |

## મૃત્યુ નોંધ

| | ઉંમર |
|---|---|
| વલ્લભદાસ ચંદુલાલ મોદી | ૮૯ |
| શરદચંદ્ર (બાબુભાઈ) મોહનલાલ શાહ (દોશી) | ૮૫ |
| અશ્વીનભાઈ કાંતિલાલ પરીખ (કુવાવાલા) | ૬૮ |
| મધુરીબેન બાબુલાલ ધારીયા (જાલીવાલા) | ૭૮ |
| શાંતાબેન કીર્તનલાલ ગાંધી (પાકા) | ૮૩ |
| સાવિત્રીબેન નટવરલાલ દેસાઈ | - |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**